સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૧૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

કોઈ પણ વ્યક્તિ કાયમ એક જેવી નથી રહેતી, સમય સંજોગો અને લોકો તેને બદલવા માટે મજબૂર કરે છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૪૦ ● તારીખઃ ૨૯.૦૭.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# સંસદમાં એન્ટી પેપર લીક બિલ પર વિપક્ષના આકરા પ્રહારો

## ‘યુવાનો પર પેલેટ ગન અને AK-47 ચલાવવાનો આદેશ કોણે આપ્યો?’ પ્રિયંકા ગાંધીઃ અખિલેશ યાદવ અને અભિષેક બેનર્જીએ લોકસભામાં સરકારને ઘેરી પેપર લીક માફિયાઓ સામે કાર્યવાહી અને શિક્ષણના કેન્દ્રીયકરણ મુદ્દે તીખા પ્રહારો






**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવેલા ‘સાર્વજનિક પરીક્ષા (અન્યાયી ઉપાયો નિવારણ) સુધારા બિલ, ૨૦૨૬’ પર ચર્ચા દરમિયાન ગઈકાલે સંસદમાં ભારે હંગામો જોવા મળ્યો હતો. પેપર લીક મુદ્દે વિપક્ષી નેતાઓએ સરકાર પર ચોંકાવનારા આરોપો લગાવતા આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, સપા પ્રમુખ અખિલેશ યાદવ અને ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીએ વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ, પેપર લીકની ઘટનાઓ અને શિક્ષણ ક્ષેત્રના ખાનગીકરણ મુદ્દે સરકારને બોક્સમાં ઊભી કરી દીધી હતી.

લોકસભામાં બોલતા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સરકાર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે દેશના યુવાનો જ્યારે પોતાના ભવિષ્ય માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા, ત્યારે તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો. તેમણે આકરા શબ્દોમાં પૂછ્યું, ‘‘દેશના યુવાનો પર પેલેટ ગન અને AK-47નો ઉપયોગ કરવાની શું જરૂર હતી? પેલેટ ગન ચલાવવાનો આદેશ કોણે આપ્યો? શું આ આદેશ વડાપ્રધાને આપ્યો હતો કે ગૃહમંત્રીએ? આખો દેશ આજે જવાબો માગી રહ્યો છે.‘‘ પ્રિયંકા ગાંધીએ વધુમાં ઉમેર્યું કે આ વ્યવસ્થા બાળકોના ભવિષ્યને કચડી રહી છે અને સરકાર શિક્ષણ વ્યવસ્થામાં આરએસએસના સભ્યોને ભરીને તેને ખોખલી કરી રહી છે.

શિક્ષણ બજેટ અને સરકારી નીતિઓ પર પ્રહારો કરતા પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે દેશમાં કુલ શિક્ષણ બજેટ ૧.૪ લાખ કરોડ રૂપિયા છે, જ્યારે એકલા NEETના વિદ્યાર્થીઓ પાસેથી જ ૧.૩૨ લાખ કરોડ રૂપિયા વસૂલવામાં આવે છે. તેમણે આરોપ લગાવ્યો કે એનટીએને બળજબરીથી લાવીને સિસ્ટમનું કેન્દ્રીયકરણ કરવામાં આવ્યું છે, જેનાથી પરિસ્થિતિ વધુ જટિલ બની ગઈ છે. છેલ્લા દાયકામાં ૧૫૨ વખત પેપર લીક થયા હોવા છતાં માફિયાઓના એક પણ સભ્યને સજા થઈ નથી. આ ઉપરાંત, મહારાષ્ટ્રમાં પુત્રીના મોતથી એક પરિવાર શોકમાં હતો ત્યારે ભૂતપૂર્વ શિક્ષણ મંત્રીનું

અનુ પાના નં.૨ પર

## કંગના રનૌતના વિવાદાસ્પદ નિવેદનથી CJP લાલઘૂમ શું ફરી દેશને બાનમાં લેશે?

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભાજપ સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે CJP પ્રોટેસ્ટમાં સામેલ યુવતીઓ અને Gen-Z અંગે ઈન્સ્ટાગ્રામ પર આપેલા વિવાદાસ્પદ નિવેદનથી રાજકારણ ગરમાયું છે. ગઈકાલે સોશિયલ મીડિયા પર તેમણે આંદોલનકારી યુવતીઓને ‘ગટર છાપ’, બદસૂરત અને ભ્રષ્ટ કહ્યા હતા. આ નિવેદન સામે કડક વાંધો ઉઠાવતા કોંગ્રેસ સાંસદ રેણુકા ચૌધરીએ જડબાતોડ જવાબ આપ્યો હતો કે, ‘‘એક મહિલા થઈને આવી હલકી ભાષા વાપરવી શરમજનક છે અને સંસદમાં





બેસીને આવી વાતો કરનારાઓએ આના ગંભીર પરિણામો ભોગવવા પડશે.‘‘ કંગનાના પ્રહાર સામે કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે તીખો પલટવાર કરતાં જણાવ્યું હતું કે, કંગનાને તેમની જ પાર્ટીના લોકો ગંભીરતાથી નથી લેતા. નેતાઓએ પોતાની ભાષા મર્યાદામાં રાખવી જોઈએ. Gen-Zએ આ દેશ માટે અનેક મહત્વના કામ કર્યા છે અને લોકશાહીમાં

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં જૈશ-એ-મોહમ્મદના મોડ્યુલનો પર્દાફાશઃ ATS દ્વારા ‘ઓપરેશન સરહદ’ શરૂ, સિદ્ધપુરમાં ૮ વખત કરાયા હતા બોમ્બ ટેસ્ટિંગ

**સમય સંદેશઃ ગાંધીનગર**

જૈશ-એ-મોહમ્મદના નવા આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ થતાં જ ગુજરાત અઝજ અને રાજ્યની SOG એજન્સીઓએ ‘ઓપરેશન સરહદ’ શરૂ કર્યું છે. આતંકવાદીઓ પાટણ, સિદ્ધપુર, ભરૂચ અને અંકલેશ્વર જેવા વિસ્તારોમાં અનેક લોકોના સંપર્કમાં આવ્યા હોવાની માહિતી મળતાં તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. રાજ્યમાં અગાઉ તૈયાર કરાયેલી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા શંકાસ્પદોની યાદી પણ ફરી સક્રિય કરીને તપાસ હાથ ધરાઈ છે.

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ઝડપાયેલા આતંકવાદીઓ પાટણ અને સિદ્ધપુર આસપાસની મદરેસાઓમાં જઈને યુવાનોનું બ્રેઇનવોશ કરતા હતા. તેઓ મૌલાના મસૂદ અઝહરના સાહિત્ય અને ભાષણો દ્વારા આતંકવાદી વિચારધારાનો પ્રચાર કરી યુવાનોને સંગઠનમાં જોડવાનો પ્રયાસ કરતા હતા. આ સિવાય, આતંકવાદીઓએ સિદ્ધપુર નજીક આઠ વખત બોમ્બ બ્લાસ્ટના સફળ ટેસ્ટિંગ પણ કર્યા હોવાનો ભયાનક ખુલાસો થયો છે.

ATS ને આતંકવાદીઓ પાસેથી પાકિસ્તાન સ્થિત આકાઓ સાથેના સંપર્કના પુરાવા, મોબાઈલ ચેટ, ફોન નંબર અને મસૂદ અઝહરને લખેલા પત્રો મળી આવ્યા છે. આતંકવાદીઓએ અમદાવાદમાં રોકાણ દરમિયાન

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં ચાંદીપુરાનો શંકાસ્પદ કેસ;એક વર્ષના બાળકનું મોત

### જી.જી. હોસ્પિટલમાં મૃત્યુઆંક પાંચ થયો, બે બાળકો સારવાર હેઠળ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોને લઈને ચિંતાજનક સ્થિતિ યથાવત રહી છે, તેવામાં જામનગરની જીજી હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા રોજીયા ગામના ૧ વર્ષના બાળકનું મોત નીપજતાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણોથી મૃત્યુ પામેલા બાળકોનો આંકડો ૫ પર પહોંચ્યો છે.

મળતી વિગતો મુજબ, રોજીયા ગામના ૧ વર્ષના બાળકને ગંભીર હાલતમાં સારવાર અર્થે જામનગરની જીજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, તબીબોના સારવારના પ્રયાસો વચ્ચે ગણતરીના કલાકોમાં જ બાળકે અંતિમ શ્વાસ લીધા હતા. આરોગ્ય તંત્ર દ્વારા બાળકના બ્લડ સેમ્પલ ચકાસણી અર્થે મોકલવામાં આવ્યા છે, જેનો લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

જીજી હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણોથી બાળકોના મોતના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. અત્યાર સુધીમાં જામનગરની ૨ વર્ષની બાળકી, લાંભા ગામના ૨ વર્ષના બાળક, આમરાના બાળક, દેવભૂમિ દ્વારકાની ૧ વર્ષની બાળકી અને હવે રોજીયા ગામના ૧ વર્ષના બાળકનું સારવાર દરમિયાન મોત થતાં મૃત્યુઆંક વધીને ૫ થયો છે.

હાલની સ્થિતિએ જીજી હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા અન્ય ૨ બાળકો દાખલ છે. નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા તેમની ખાસ દેખરેખ હેઠળ સારવાર કરવામાં આવી રહી છે, અને તબીબોના જણાવ્યા અનુસાર બંને બાળકોની સ્વાસ્થ્ય સ્થિતિમાં ધીમે-ધીમે સુધારો નોંધાઈ રહ્યો છે.

આરોગ્ય વિભાગ દ્વારા તમામ શંકાસ્પદ કેસોના સેમ્પલ પુષ્ટિ અર્થે પૂણે સ્થિત નેશનલ

અનુ પાના નં.૨ પર

## દેવભૂમિ દ્વારકાના ગ્રામ્ય વિસ્તારોમાં GSPLની ગેસ પાઈપલાઈન સામે ખેડૂતોનો આક્રોશઃ ‘જમીન અમારી તો કંપનીની દાદાગીરી કેમ?’

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં જીએસપીએલ કંપની દ્વારા નાખવામાં આવી રહેલી ગેસ પાઈપલાઈન સામે ખેડૂતોમાં ઉગ્ર અસંતોષ વ્યાપ્યો છે. આ મુદ્દે કલેક્ટર, ધારાસભ્ય અને સાંસદને રજૂઆતો કરવા છતાં ઉકેલ ન આવતાં ખેડૂતોએ ગઈકાલે પોતાના ખેતરોમાં વિરોધ દર્શાવતા બેનરો લગાવ્યા હતા. ખેડૂતોએ આક્રોશ સાથે સવાલ ઉઠાવ્યો હતો કે ’જમીન, સરકાર, પોલીસ અને




જનપ્રતિનિધિઓ આપણા છે, તો પછી જીએસપીએલ કંપનીની દાદાગીરી કેમ ચાલે?’

ખેડૂતોએ માંગ કરી છે કે તેમની જમીન, પાક અને માલ-મિલકતનો પહેલા સંયુક્ત સર્વે કરીને આખરી એવોર્ડ જાહેર કરવામાં આવે, ત્યારબાદ જ કામ શરૂ કરવા દેવાશે. ગેસ પાઈપલાઈન પસાર થવાથી જમીનની કિંમત ઘટી જાય છે ત્યારે તે નુકસાનીનું યોગ્ય વળતર કોણ આપશે તેવો સવાલ ઉઠાવાયો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, ગેસ

અનુ પાના નં.૨ પર

# દેશભરમાં પેપરલીકના વિવાદ વચ્ચે હવે જામનગરમાં જ બીએએમએસનું પેપર ફૂટયુ

## જામનગર પેપરલીકમાં રેલો ગુજરાત આયુર્વેદ યુનિ. સુધીઃ બીએએમએસના ત્રીજા વર્ષનું શલ્યતંત્ર વિષયનું પેપર લેવાયાના એક સપ્તાહ બાદ યુનિવર્સિટીના સત્તાધીશોએ કરી તપાસ સમિતિની રચના



**સમય સંદેશઃ જામનગર**

દેશભરમાં પેપર લીકના મુદ્દે રોષ છે ત્યારે જામનગરમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી BAMSના તૃતિય/અંતિમ વર્ષની ‘શલ્ય તંત્ર-૧’ પરીક્ષાનું પેપર લીક થયાના આક્ષેપો ઉઠયા છે. પરીક્ષાના ૧૨ માંથી ૧૧ પ્રશ્નો સોશિયલ મીડિયા ગ્રુપમાં વાયરલ થયેલા પ્રશ્નો સાથે હૂબહૂ મળતા આવ્યા હતા. આ મામલે NSUI અને યુવક કોંગ્રેસના આગેવાનોએ રજિસ્ટ્રાર એચ.પી. ઝાલાને રૂબરૂ મળીને તાત્કાલિક અને પારદર્શક તપાસ હાથ ધરી જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ સાથે આંદોલનની ચીમકી આપી હતી.

ગત ૨૦મી જુલાઈએ જૂનાગઢના પ્રોફેસરે પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૧ પ્રશ્નો વાયરલ હોવા અંગે યુનિવર્સિટી ઓથોરિટીનું ધ્યાન દોર્યું હોવા છતાં, સત્તાધીશોએ ૭ દિવસ સુધી ઢાંકપિછોડો કર્યો હોવાનો આક્ષેપ છે. આ ઘટના ગાંધીનગરના માણસા સ્થિત આયુર્વેદિક કોલેજમાંથી સામે આવ્યા બાદ, આખરે યુનિવર્સિટીના કાર્યવાહક ઉપકુલપતિ પ્રો. નરેશ જૈન અને રજિસ્ટ્રારે ૨૭મી જુલાઈએ ૩ ઉચ્ચ અધિકારીઓની તપાસ સમિતિની રચના કરી છે અને સમગ્ર ઘટના અંગે પોલીસને પણ જાણ કરી દેવામાં આવી છે.

યુનિવર્સીટીના રજિસ્ટ્રારના જણાવ્યા મુજબ, ગોપનીયતા જાળવવા માટે ૪ અલગ-અલગ પેપર સેટર પાસેથી સીલબંધ પેપર મગાવવામાં આવે છે અને પરીક્ષાના ૧ કલાક પહેલા પોર્ટલ પરથી બે ગુપ્ત પાસવર્ડ (પ્રતિનિધિ અને પ્રિન્સિપાલ) દ્વારા જ ડાઉનલોડ કરીને

અનુ પાના નં.૨ પર

## બીએએમએસના પેપર લીકકાંડ મુદ્દે એબીવીપીનું આવેદન

### ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પેપર કૌભાંડ મામલે એનએસયુઆઇનું આવેદનઃ આયુર્વેદ યુનિવર્સિટી પેપર લીક મામલે ‘આપ’ દ્વારા મૌખિક રજૂઆત








**સમય સંદેશઃ જામનગર**

જામનગર સ્થિત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં બનેલી કથિત પેપર લીકની ઘટના મામલે કોંગ્રેસે કરેલી આંદોલનની જાહેરાત બાદ ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ગઈકાલે યુનિવર્સિટીના સત્તાધીશોને એક આવેદન પત્ર આપી જવાબદારો સામે કાયદેસર કાર્યવાહી કરવા માંગણી કરી હતી. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના બીએએમએસના શલ્યતંત્ર-૧ વિષયની પરીક્ષાનું પેપર યોજાય તે પહેલા જ ૧૨ જેટલા સવાલો વોટસએપ ઉપર વાયરલ થયા હતા. આ બાબતને વખોડી કાઢી એબીવીપીએ યુનિવર્સિટીના સત્તાધીશોને પેપર કાઢવામાં અને પારદર્શકતા સાથે પરીક્ષા લેવામાં નિષ્ફળ ગયાનું જણાવી વિદ્યાર્થીઓની મહેનત સાથે ચેડારૂપ આ ઘટનાની નિંદા કરી છે. ગઈકાલે આપેલા આવેદન પત્રમાં પરિષદે તપાસ સમિતિની તપાસ તાત્કાલિ પૂરી થાય અને તેને આધારે જે લોકોને સંડોવણી ખુલ્લે તેના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી હતી.

**એનએસયુઆઈ**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના BAMS પરીક્ષાના પેપર લીક થયાના ગંભીર આક્ષેપ બાદ શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. આ મામલે ગઈકાલે યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા કુલપતિને આવેદનપત્ર પાઠવી રજુઆત કરાઇ હતી. જામનગર યુવક કોંગ્રેસના મહિપાલસિંહ જાડેજા, અને એનએસયુઆઈના પ્રમુખ રવિરાજસિંહ ગોહિલ અનેં ટીમ દ્વારા સવારે ૧૧:30 વાગ્યે યુનિવર્સિટીના કુલપતિ (VC)ને લેખિત રજૂઆત

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

# વ્હાઈટ કૉલર જૉબની ઘેલછા !

જુની પેઢીઓ સર્વ ઠાઠમાઠથી સદા મુક્ત રહેતી હતી. પચાસથી વધુ દેશો આ બેકારીનો ભોગ બની ચૂક્યા છે. ભારતીય અર્થતંત્રની હાલત બિસ્માર છે. પરંતુ બેરોજગારીની હાલત તેનાથી પણ વધુ કંગાળ છે. ભારતીય અર્થતંત્ર માટે પ્રાર્થના કરી શકાય પરંતુ રોજગારીની સ્થિતિ ઉપર તો દયા ખાવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. એમાં પણ રોજગારની હાલત બે અંતિમ છેડાઓ વચ્ચે પીસાઈ રહી છે. ગ્રામ વિસ્તારની બેરોજગારી એક અલગ પ્રશ્ન છે અને શહેરીજનો ઉપર લટકતી બેરોજગારીની તલવાર અલગ સવાલ છે. બંને પ્રદેશના યુવાનો અને વયસ્કો જે નોકરી ઉપર પોતાનો ઘરસંસાર ચલાવે છે તે નોકરી પણ અત્યારે તો ડામાડોળ થઈ રહેલા ભારતીય અર્થતંત્રને કારણે અસ્થિરતા અનુભવી રહી છે. નોકરી કરવા કરતા નોકરી ચાલી જવાનો તણાવ ભારતના નોકરિયાતો ઉપર વધુ છે. આઝાદી પછી પહેલી વખત એવો સમય આવ્યો છે જેમાં નોકરી શોધવા માટે અને મળેલી નોકરી હાથમાંથી ચાલી ન જાય એ માટે સમાન કશમકશ કરવી પડે છે. વ્હોટ વરિઝ ધ વર્લ્ડના નવા અહેવાલમાં આશ્ચર્યજનક રીતે એક તારતમ્ય એવું પ્રગટ થયું છે કે અનેક વિકરાળ પ્રશ્નો અને રાજનેતાઓની ખતરનાક રીતે પથરાયેલી શતરંજ વચ્ચે પણ સિત્તેર ટકા લોકો એમ માને છે કે ભારત અત્યારે સાચા રસ્તે આગળ ધપી રહ્યો છે. એટલે કે જે રીતે દેશનું સંચાલન થાય છે અને જે ઘટનાક્રમો જાહેર જીવનમાં આકાર લઈ રહ્યા છે તે યોગ્ય જ છે અને એ પ્રક્રિયા દ્વારા જ ભારત નવી ઊંચાઈએ પહોંચશે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના રોજગારી ઉપરના આંકડા આવતા રહે છે, જેને કેન્દ્ર સરકાર પણ નકારી શકતી નથી. જૂન ૨૦૧૭ થી સતત બેરોજગારી દર વધી રહ્યો છે. ઓક્ટોબર ૨૦૨૫ માં બેરોજગારીનો દર સહેજ ઘટયો. તો પણ ૮.૪૫ પટકાના ઊંચા દર સુધી બેરોજગારીનો દર પહોંચી ચુક્યો છે. ૨૦૧૪ થી મોદી સરકાર તખ્તેનશીન છે પરંતુ રોજગારી માટે કોઈ પણ નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી. વધુમાં, સમય બદલાય છે, ફેશન બદલાય છે એ મુજબ રોજગારીના વહેણ પણ બદલાય છે. છેલ્લા ચાર વર્ષમાં લેબર એમ્પ્લોયમેન્ટ ઘટી છે. કારણ કે શારીરિક શ્રમ કરવો પડે એવી નોકરીઓ કરવામાં યુવાનોને રસ ઘટતો જાય છે. નહીંતર એ ક્ષેત્રમાં રોજગારી પૂરતી છે. વ્હાઈટ કોલર જોબને ચાહતા યુવાનોની સંખ્યા વધતી જાય છે પરંતુ ડિજિટલ ઈન્ડિયાની જેમ એ વચન પૂરું કરવામાં વર્તમાન સરકાર નિષ્ફળ નીવડી છે.



## હાલારના હાલહવાલ



# જામનગરને ઉપયોગી ડેમોમાં નર્મદા નીરની પધરામણી

**સમય સંદેશઃ જામનગર**

વરસાદ ખેચાતા બાદ જામનગર શહેરને પીવાનું પાણી પૂરું પાડતા ચાર ડેમોમાંથી ૩ ડેમોમાં જુલાઈ માસના અંત સુધીનું પાણી રહ્યું છે. ત્યારે છેલ્લા પાંચ દિવસથી રાજ્ય સરકાર દ્વારા સૌની યોજનાનું પાણી જામનગરની જીવાદોરી સમાન ડેમોમાં ઠાલવવા હુકમ કર્યા પછી આજી-૩ ડેમમાં સૌની યોજના ઉપરાંત વરસાદના પાણીની ધીંગી આવક થઈ છે. હવે ઉંડ-૧ ડેમમાં પણ ત્યાંથી પાણી પહોંચી રહ્યું છે. આમ વરસાદ ઉપર મદાર રાખ્યા વગર અત્યારે શહેરીજનોની પાણીની વ્યવસ્થામાં સરકારના સિંચાઈ વિભાગ અને મહાનગરપાલિકાના ઈજનેરો કામે લાગ્યા છે અને પરિણામ પણ મળતું



થયું છે. જામનગરની ૭ લાખની વસ્તીની પાણીની માંગને પહોંચી વળવા મહાનગરપાલિકાની વોટર વર્કર્સ શાખાને દરરોજ ૧૫૦ એમએલડી પાણીની વ્યવસ્થા કરવી પડે છે. લોકોને પાણી આપવા માટે મ્યુ. તંત્ર રોજ રણજીતસાગર ડેમમાંથી ૪૫ એમએલડી, ઉંડ-૧ ડેમમાંથી ૩૫ એમએલડી, સસોઈ ડેમમાંથી પચ્ચીસ એમએલડી, આજી-૩ ડેમમાંથી ૩૫ એમએલડી અને ખુટતા ૧૦ એમએલડી નર્મદાની લાઈનમાંથી મેળવે વર્તમાન સ્થિતિની વાત કરીએ તો રણજીતસાગર ડેમમાં ઓગસ્ટ માસના અંત સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો છે. પરંતુ આ એક ડેમથી શહેરની પાણીની જરૂરીયાત પુરી જ ન થાય તેમ હોવાથી મ્યુ. તંત્રએ રાજ્ય સરકાર પાસેથી સૌની યોજના મારફત ૫૫૦ એમસીએફટી પાણીના જથ્થાની માંગણી કરી હતી. જે ધ્યાને લઈને રાજ્ય સરકારે ગત તા. ૨૦મીથી મચ્છુ-બે ડેમમાંથી જામનગરની જીવાદોરી સમાન પડધરી પાસેના આજી-૩ ડેમમાં પાણી મોકલવાનું શરુ કર્યું હતું.

આ ડેમમાં સૌની યોજનાનું ૧૨૫ થી વધુ એમસસીએફટી પાણી ઠલાવાયું ત્યાં તો કુદરતી રીતે વરસાદ પણ આવ્યો હોવાથી ડેમમાં જળ સપાટી વધી છે. ત્યારે આ ડેમમાંથી છેલ્લા બે દિવસથી શહેરથી ૪૧ કી. મી. દુરના ઉંડ-૧ ડેમમાં પાણી ઠલવાઈ રહ્યું છે. આમ મેઘરાજા ઉપર મદાર રાખ્યા વગર સરકારી તંત્ર દ્વારા શહેરને પીવાના પાણી આપતા ડેમોમાં પાણીનો જથ્થો ઠાલવવામાં આવી રહ્યો છે. જે રાહતની વાત છે.

# કલ્યાણપુરના ખાખરડા ગામે મગર આવી ચડતા રેસ્કયુ કરાયું





**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે વિરેન્દ્રસિંહ જાડેજાની વાડીમાં મગર આવી ચડ્યો હતો. જેની જાણ વાઇલ્ડ લાઇફ વોર્ડન અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભાટીયા જી. એન.માડમને જાણ કરતા રેન્જ સ્ટાફ તથા ગણેશગઢ જીવદયા ટ્રસ્ટ સાથે દોડી જય મગરનું રેસ્ક્યુ કર્યું હતું. જેને કુદરતી વાતાવરણમાં મુક્ત કરાયુ હતુ.

# કલ્યાણપુર નજીક ઠોકરે છકડા રીક્ષાની પલટીઃ ચાલકનું મૃત્યુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના જુવાનપુર ગામે રહેતા ભરતભાઈ ગોવિંદભાઈ સોનગરા નામના સતવારા યુવાન ગઈકાલે સોમવારે તેમના છકડા રીક્ષા નંબર જી.જે. ૩૭ યુ. ૧૦૫૭ માં અન્ય મુસાફરો હીરાબેન જયંતીભાઈ ડાભી, મણીબેન ભાણજીભાઈ ડાભી અને ક્રિષાબેન જયંતીભાઈ ડાભીને લઈને ભાટીયા ગામે જવા નીકળ્યા હતા. ત્યારે ખંભાળિયા - દ્વારકા હાઈવે પર નંદાણા ગામ નજીક પહોંચતા આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી જી.જે. ૧૮ ઈ.બી. ૭૭૬૫ નંબરની એક ક્રેટા મોટરકારના ચાલકે છકડા રીક્ષાને પાછળથી ધડાકાભેર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં છકડા રીક્ષો પલટી ખાઈ ગયો હતો. જેના કારણે રીક્ષા ચાલક ભરતભાઈ સોનગરાનું ગંભીર ઈજાઓ થવાના કારણે મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે રિક્ષામાં જઈ રહેલા મણીબેન ભાણજીભાઈ, હીરાબેન જયંતીભાઈ અને ક્રિષાબેન જયંતીભાઈ ડાભીને નાની-મોટી ઇજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે જુવાનપુર ગામના રહીશ સતવારા હેમતભાઈ સોનગરા (ઉ.વ. ૩૭) ની ફરિયાદ પરથી ક્રેટા કારના ચાલક સામે બીએનએસ અને એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એન.એન. વાળા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# કાલાવડ અને લાલપુર પંથકમાં પવનચક્કીમાંથી કેબલની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગોવાણા ગામની સીમમાં આવેલ વિન્ડ વર્લ્ડ ઇન્ડિયા લીમીટેડ કંપનીની ત્રણ અલગ-અલગ લોકેશન નંબર ૮૫, ૮૭, ૮૮ ઉપર આવેલ પવનચક્કીમાંથી તસ્કરો ગત તા.૫-૭-૨૦૨૬ ના રાત્રીના સાતેક વાગ્યી તા.૬-૭-૨૦૨૬ ના સવારના પાંચેક વાગ્યાના સમયગાળા દરમિયાન કુલ રૂ.૪૧૪૦૦ની કિંમતનો ૬૯ મીટર અર્થિંગનો કોપર કેબલની ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગે ગણેશ સિક્યુરીટી એજન્સીમાં નોકરી કરતાં સાઇટ ઇન્ચાર્જ કરશનભાઇ નાથાભાઇ પાથરે પોલીસને જાણ કરી હતી.

આવી જ રીતે જિલ્લાના કાલાવડ તાલુકાના હરીપર-મેવાસા વિસ્તારમાં આવેલ વિન્ડ વર્લ્ડ ક્લીન એનર્જી ફોરેવર પ્રા.લી. કંપનીની પવનચક્કી લોકેશન નં.૫૨૩ અને ૫૨૪ એમ બે પવનચક્કીમાંથી તસ્કરો ગત તા.૨૨-૬-૨૦૨૬ ના રાત્રીના આઠેક વાગ્યાથી તા.૨૪-૬-૨૦૨૬ ના સવારના દશેક વાગ્યાના સમયગાળા દરમિયાન રૂ.૩૦,૦૦૦ ની કિંમતનો ૫૦ મીટર કોપર કેલરની ચોરી કરી ગયા હતાં. આ ચોરી મામલે સાઇટ ઇન્ચાર્જ જયેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજાએ પોલીસને જાણ કરતાં પોલીસે અજાણ્યા તસ્કરોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરના પુનિતનગરમાં બિમારીથી યુવકનું મોત



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગાંધીનગર વિસ્તાર, પુનીતનગર શેરી નં. ૧માં ઓરડીમાં રહેતા દિનેશકુમાર શ્રીરામ યાદવ (ઉ.વ.૪૫) નશાની ટેવવાળા હોય અને મકાને કોઇ બિમારી સબબ મરણગયેલ હાલતમાં મળી આવતા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ની ટીમ દ્વારા તપાસીને મરણગયાનું જણાવ્યુ હતું. આ અંગે મોરબી જિલ્લાના ઘુટુ ગામમાં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં દશરથસિંહ જાડેજા દ્વારા સીટી-બી ડીવીઝનમાં જાણ કરવામાં આવતા પીએસઆઇ ઠાકોર દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી છે.

# ખાતમુહુર્તના ત્રણ વર્ષ પછી પણ કલ્યાણપુરની સરકારી શાળાનું ભવન અધુરૂં..!



**સમય સંદેશઃ કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર ખાતે નિર્માણ પામી રહેલું નવીન સરકારી માધ્યમિક શાળાનું બિલ્ડીંગ જાહેર બોર્ડ પર દર્શાવેલી સમયમર્યાદા પૂર્ણ થઈ હોવા છતાં હજી સુધી તૈયાર થયું નથી. સ્થાનિક ધારાસભ્ય પબુભા માણેકના હસ્તે જે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, તે કામ હજુ સુધી પૂરું ન થતાં સ્થાનિક વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સરકારી વિગતો અનુસાર, માર્ગ અને મકાન વિભાગ, દેવભૂમિ દ્વારકા હેઠળ આશરે રૂપિયા ૨૪૬.૩૬ લાખ (૨.૪૬ કરોડ) ના ખર્ચે આ શાળા ભવન મંજૂર કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત દ્વારકા વિસ્તારના ધારાસભ્ય પબુભા માણેક દ્વારા ધામધૂમથી કરવામાં આવ્યું હતું. આ કામગીરીનો વર્ક ઓર્ડર તારીખ ૨૭-૦૩-૨૦૨૨ ના રોજ આપવામાં આવ્યો હતો અને સરકારી સમયમર્યાદા મુજબ આ કામ તારીખ ૨૬-૦૩-૨૦૨૩ સુધીમાં સંપૂર્ણ પૂરું કરી દેવાનું હતું.

પરંતુ, નિર્ધારિત સમય મર્યાદા પૂરી થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં, સ્થળ પર કામ હજુ પણ અધૂરું જોવા મળી રહ્યું છે. કરોડો રૂપિયાના સરકારી ખર્ચે બની રહેલા આ શૈક્ષણિક ભવનની ધીમી કામગીરીને કારણે ગ્રામજનોમાં તંત્ર અને કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ તેમજ ધારાસભ્ય આ બાબતે તાત્કાલિક કડક સંજ્ઞાન લે અને જવાબદાર એજન્સી સામે પગલાં ભરીને શાળાનું બિલ્ડીંગ વહેલી તકે પૂર્ણ કરાવે જેથી બાળકોને ભણવામાં મુશ્કેલી ન પડે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### જિલ્લા પંચાયત

(પાના નં. ૪ થી આગળ)

હતી. જ્યારે બાંધકામ વિભાગમાં કાર્યપાલક ઈજનેરને ઈમર્જન્સીમાં રૂ.૩ લાખના ખર્ચની સત્તા મર્યાદા હતી. તે વધારીને સરકારની નવી જોગવાઈ મુજબ રૂ.૧૨ લાખ કરવામાં આવી હતી.

આ જ રીતે ટેન્ડરની માન્યતાની સમય મર્યાદા ૧૮૦ દિવસને બદલે ૩૬૦ દિવસ કરવામાં આવી હતી.સામાન્ય સભા બાદ ભણગોર બેઠકના વિપક્ષી સભ્ય પરબતભાઈ ધનાભાઈ ગાગીયાએ ફરિયાદ કરી હતી કે, માત્ર ચાર જ દિવસ પહેલા જાણ કરવામાં આવતાં અમે અમારા વિસ્તારના ગામડાઓમાં ગ્રા. પં.ની મંજુરી વગર ખાનગી કંપનીઓએ ગૌચરમાં કરેલા દબાણો દુર કરવા સહિતના પાણી- ઘાસચારાના પ્રશ્નોની રજુઆતો કરી શકાયા નથી.ગૌચરના દબાણો દૂર કરવા કમિટી બનવામાં આવે તેવી માંગ કરી હતી.

### જામનગર લોકમેળા

(પાના નં. ૪ થી આગળ)

બિનઅધિકૃત વપરાશનો દંડ વસૂલવા અને જવાબદારો સામે FIR નોંધવા આખરી ચેતવણી અપાઈ છે. જો યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો હાઈકોર્ટમાં એફિડેવિટ રજૂ કરી એન્ટી-કરપ્શન બ્યુરો (ACB) અને સક્ષમ કોર્ટમાં ખાનગી ફોજદારી ફરિયાદ દાખલ કરવાની ચીમકી આપવામાં આવી છે.

### વીજ શોક લાગતા

(પાના નં. ૪ થી આગળ)

સારવાર અર્થે ધ્રોલની સરકારી હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેઓને તપાસી મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃત્તકના પુત્ર કિશન સીંગરખિયાએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસનો સ્ટાફ પ્રથમ બનાવ સ્થળે અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી હતી. હાલ આ બનાવ અંગે ધ્રોલ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ સી.જે.જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યાં છે.

### યુવાન ઉપર હુમલો

(પાના નં. ૪ થી આગળ)

કારણોસર થઇ તે અંગેના મુળ સુધી પહોંચવા માટે તપાસના ચક્રોગતિમાન કર્યા છે. છેલ્લા કેટલાક સમયથી જામનગરમાં આવા પારિવારીક ઝઘડાઓ વારંવાર થઇ રહ્યા છે. તેને રોકવા માટે પોલીસ દ્વારા આવા લોકોનું કાઉન્સેલિંગ કરવામાં આવે તે જરૂરી છે જેથી કરીને આવા બનાવો ક્યારેક ઉગ્ર સ્વરૂપ ધારણ ન કરે અને કોઈની જિંદગી ખતમ ન થઈ જાય તે માટે પોલીસે પણ પગલા લેવા જરૂરી છે.

### કરૂણા એનિમલ

(પાના નં. ૪ થી આગળ)

આભાર વ્યક્ત કર્યો હતો. કેસ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ પ્રોજેક્ટ કોઓર્ડિનેટર પિયુષ પરમાર તથા પ્રોગ્રામ મેનેજર ડો. મોહમ્મદ શોએબ ખાને ડો. રમીઝ બલોચ, ડો. ભાગીરથ, પાયલોટ ભગવાનભાઈ તેમજ કરૂણા જામનગરની સમગ્ર ટીમને ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### સાત ઝડપાયા

(પાના નં. ૩ થી આગળ)

(કિંમત ૩૫ હજાર) મળી કુલ ૧,૫૨,૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહી પીઆઈ વી.બી.ચૌધરીના માર્ગદર્શન મુજબ પીએસઆઈ એમ.વી.ભાટીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, નાનજીભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, શરદભાઈ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, ધનશ્યામભાઈ ડેરવાળીયા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલિંહ જાડેજા, ભરતભાઈ ડાંગર, કિશોરભાઈ પરમાર, સુમીતભાઈ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અરજયભાઈ વીરડા, ધમેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઈ માલકીયા, દયારામ ત્રિવેદી, બીજલભાઈ બાલાસરા તથા ભારતીબેન ડાંગર દ્વારા કરાઇ હતી.

### બીએએમએસનું પેપર

(પાના નં. ૧ થી આગળ)

પ્રિન્ટ કાઢવામાં આવે છે, જેથી સિસ્ટમ ૧૦૦% સુરક્ષિત છે. હાલ ૨,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની ૨ ઓગસ્ટ સુધી ચાલનારી પરીક્ષા પર અસર ન પડે તે રીતે તપાસ હાથ ધરાશે અને તપાસ સમિતિના અહેવાલ બાદ જરૂર જણાશે તો ફરીથી પેપર લેવા અંગે નિર્ણય કરાશે.

### પેપર લીકકાંડ મુદ્દે

(પાના નં. ૧ થી આગળ)

કરવામાં આવી હતી. દરમિયાન પેપર લીકની ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ થાય તેવી માંગ કરવામાં આવી હતી અને આકરા સુત્રોચાર કરાયા હતા.

**આમ આદમી પાર્ટી**

જામનગર આયુર્વેદ યુનિવર્સિટીમાં BAMSના પેપર લીક થયાના આક્ષેપો અને વિવાદ વચ્ચે હવે રાજકીય ગરમાવો વધ્યો છે, જ્યાં આમ આદમી પાર્ટી દ્વારા પણ આ ગંભીર મુદ્દે સત્તાધીશો સમક્ષ મૌખિક રજૂઆત કરવામાં આવી છે. 'આપ'ના આગેવાનોએ યુનિવર્સિટી તંત્ર સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરતા આ પ્રકરણની પારદર્શક અને ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ, જેથી યુવાનોમાં ફેલાયેલા રોષનો અંત આવે અને જવાબદારો સામે કડક કાર્યવાહી થાય.

### સંસદમાં એન્ટી પેપર

(પાના નં. ૧ થી આગળ)

સંસદમાં સ્વાગત કરવા બદલ તેમણે સરકારના ઘમંડ સામે પણ શરમ વ્યક્ત કરી હતી. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે પણ ગૃહમાં સરકાર પર કટાક્ષ કરતા કહ્યું હતું કે આ દેશનું પહેલું એવું આંદોલન છે જેમાં વિદ્યાર્થીઓની સાથે તેમના માતાપિતા પણ રસ્તા પર ઉતર્યા છે. ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના સંસદમાં થયેલા સ્વાગત પર તંજ કસતા અખિલેશ યાદવે કહ્યું કે, ''એક 'પ્રધાન'ને હટાવીને સરકારે ખરેખર પોતાના 'પ્રધાનમંત્રી'ને બચાવવાનું કામ કર્યું છે. જે લોકો દાનની ચોરી રોકી શકતા નથી, તેઓ પેપર લીક કેવી રીતે રોકશે?'' તેમણે યુવાનોની એકતા અને હિંમતને સલામ કરી હતી જેમના કારણે સરકારને નમવું પડ્યું.

### કંગના રનૌત

(પાના નં. ૧ થી આગળ)

વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો છે. CJP એ સ્પષ્ટ કર્યું છે કે તેઓ આવી વાહિયાત ટિપ્પણીઓ સામે ઝૂકવાના નથી.

સૌરવ દાસે વધુમાં જણાવ્યું હતું કે, ગ્રાઉન્ડ પર પ્રદર્શન કરી રહેલા યુવાનો અને આંદોલનકારીઓ સામેની તમામ FIR તાત્કાલિક રદ થવી જોઈએ અને અટકાયતમાં લેવાયેલા લોકોને મુક્ત કરવા જોઈએ. જોકે સરકારના પ્રતિનિધિઓ સાથે મોડી રાત્રે બેઠક થઈ હતી અને કેટલાક રાજ્યોએ નોટિફિકેશન બહાર પાડ્યા છે, પરંતુ CJP હજુ પણ સરકાર તરફથી અધિકૃત લેખિત બાંહેધરીની રાહ જોઈ રહ્યું છે. જો તમામ માંગણીઓ સંતોષવામાં નહીં આવે અને વિવાદાસ્પદ નિવેદનો ચાલુ રહેશે, તો દેશભરમાં ઈઉંડ ફરીથી આક્રમક આંદોલનનું શસ્ત્ર ઉગામી શકે છે.

### ગુજરાતમાં જૈશ-એ-મોહમ્મદ

(પાના નં. ૧ થી આગળ)

વિવિધ વિસ્તારોની રેકી પણ કરી હતી. હાલમાં સુરક્ષા એજન્સીઓ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની ચકાસણી કરી રહી છે અને કેન્દ્રીય એજન્સીઓ સાથે સંકલન સાધીને આ સમગ્ર આતંકી નેટવર્કને મુળમાંથી ઉખાડી ફેંકવા માટે તપાસ ચલાવી રહી છે.

### દેવભૂમિ દ્વારકાના ગ્રામ્ય

(પાના નં. ૧ થી આગળ)

અને પાણી પાઇપલાઇન કાયદા ૨૦૦૦ ની સેક્શન ૩(૧) અને ૬(૧) મુજબના જાહેરનામા જ ભૂલભરેલા હોવાથી કંપની પહેલા પોતે કાયદાનું પાલન કરે તે જરૂરી છે.

વિસ્તારના અનેક ખેતરોમાં બોક્સાઇટ જેવી કિંમતી ખનીજ સંપત્તિ આવેલી છે. ખેડૂતોએ ચિંતા વ્યક્ત કરી હતી કે પાઇપલાઇન નીકળ્યા બાદ ભવિષ્યમાં લીઝ મંજૂર કરવામાં મુશ્કેલીઓ પડશે. પી.એમ.પી. એક્ટ ૧૯૬૨, ગેસ-પાણી પાઇપલાઇન કાયદો ૨૦૦૦ અને જમીન સંપાદન કાયદો ૨૦૧૩ અનુસાર વળતર મેળવવો એ ખેડૂતોનો કાયદાકીય અધિકાર છે. યોગ્ય અને સ્પષ્ટ માહિતી આપ્યા વિના કામ શરૂ કરવાના પ્રયાસો સામે ખેડૂતોએ આરપારની લડાઈનો મૂડ બનાવી લીધો છે.

### ચાંદીપુરાનો શંકાસ્પદ

(પાના નં. ૧ થી આગળ)

ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી ખાતે મોકલવામાં આવ્યા છે. બીજી તરફ, રોગચાળો વધુ ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગની ટીમો દ્વારા અસરગ્રસ્ત ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ઘરે-ઘરે સર્વેલન્સ, તાવગ્રસ્ત બાળકોનું સ્ક્રીનિંગ અને સાવચેતીના પગલાં વધુ સઘન બનાવી દેવામાં આવ્યા છે.

# ત્રણ્ડજઈની મોકૂફ પરીક્ષાની નવી તારીખ જાહેર, હવે આ દિવસે યોજાશે ઊડ્ડફળ

**સમય સંદેશઃ ગાંધીનગર**

અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૬ તારીખે યોજાનારી પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય ઉમેદવારોની સુરક્ષા તેમજ વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો. હવે આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે, જેના કારણે લાંબા સમયથી રાહ જોઈ રહેલા ઉમેદવારોમાં સ્પષ્ટતા આવી છે. GPSC દ્વારા જાહેર કરાયેલા નવા કાર્યક્રમ મુજબ અગાઉ ૨૬ તારીખે યોજાનારી પરીક્ષા હવે આગામી ૧ ઓગસ્ટના રોજ લેવામાં આવશે. આ પરીક્ષા બપોરે ૩ વાગ્યે શરૂ થશે. પરીક્ષા માટે નોંધાયેલા તમામ ઉમેદવારોએ નવી તારીખ અને સમય મુજબ પોતાની તૈયારી પૂર્ણ રાખવાની રહેશે. મહત્વનું છે કે, આ પરીક્ષા GPSCની જુદા જુદા ૩૪ વર્ગોની ભરતી માટે યોજાવાની હતી. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં માર્ગ વ્યવહાર પ્રભાવિત થયો હતો, જેના કારણે ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મુશ્કેલીઓ ઉભી થઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી.

# જામનગરની ડેન્ટલ કોલેજના ૧.૩૬ કરોડના કૌભાંડમાં ડીનનો બચાવ કોર્ટમાં ટક્યો નહીં

## આરોપીની જામીન અરજીમાં બચાવ પક્ષના વકીલે ડીન દ્વારા રજૂ કરાયેલા વીડિયો અને રોગી કલ્યાણ સમિતિની ગાઈડલાઈન મુદ્દે અનેક સવાલો ઉઠાવ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરની બહુચર્ચિત સરકારી ડેન્ટલ કોલેજમાં થયેલા રૂ. ૧,૩૬,૧૯,૩૫૦ ના સરકારી ફંડના ઉચાપત કેસમાં જામનગરની એડિશનલ સેશન્સ કોર્ટમાં આરોપી શોભિત ગર્ગની જામીન અરજી પર ગઈકાલે હાથ ધરાયેલી સુનાવણી ભારે ગરમાગરમ રહી હતી. સુનાવણી દરમિયાન ચાર તપાસનિશ અધિકારીઓ (આઈ.ઓ.) દ્વારા કોલેજના ડીનનો બચાવ કરતાં કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ડીન દ્વારા કોરા ચેક પર સહી કરવામાં આવી હતી. જોકે, તપાસ અધિકારીઓના આ લૂલા બચાવને કોર્ટે સખત શબ્દોમાં ફગાવી દીધો હતો.

કોર્ટે વેધક સવાલ કરતાં સ્પષ્ટ કર્યું હતું કે ડીને બ્લેન્ક (કોરા) ચેક પર સાઇન કરી તે કોઈ કાયદેસરનો બચાવ બની શકે જ નહીં. એક જવાબદાર ડીડીઓ (ડ્રોઇંગ એન્ડ ડિસ્બર્સિંગ ઓફિસર) ક્યારેય કોરા ચેક પર સહી કરી શકે જ નહીં. વધુમાં, કોર્ટે તપાસ અધિકારીઓની કામગીરી પર આકરી નારાજગી વ્યક્ત કરતા પૂછ્યું હતું કે, ''ડીને કહ્યું અને તમે શા માટે માની લીધું?'' કોર્ટની આ ટિપ્પણીને પગલે પોલીસની તપાસની દિશા અને નિષ્પક્ષતા પર ગંભીર સવાલો ઊભા થયા છે. આ કેસમાં ડીન દ્વારા પોતાના બચાવમાં કોર્ટ સમક્ષ એક વીડિયો રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં આરોપી શોભિત ગર્ગ કથિત રીતે ગુનાની કબૂલાત કરી રહ્યો છે.

આ વીડિયો પુરાવા સામે આરોપીના વકીલે આકરા પ્રહારો કર્યા હતા. બચાવ પક્ષના વકીલે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આ વીડિયોમાં આરોપી કોઈ દબાણ કે ધાકધમકી હેઠળ કબૂલાત નથી કરી રહ્યો તેની શું ગેરંટી છે? વધુમાં તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે ડીન કોઈ અધિકૃત તપાસકર્તા અધિકારી નથી, તો પછી તેમને આવો કબૂલાતનો વીડિયો બનાવવાની જરૂર શા માટે પડી? ડીન દ્વારા ભવિષ્યની જામીન અરજીનો સામનો કરવા માટે અગાઉથી જ આવો વીડિયો ઉતારી લેવો તે અનેક શંકાઓને જન્મ આપે છે. વકીલની દલીલ મુજબ, આ સમગ્ર ઘટનાક્રમ ડીન પોતાનો બચાવ કરવા માટે કોઈ પૂર્વ આયોજિત કાવતરું ઘડી રહ્યા હોય તે તરફ સ્પષ્ટ ઈશારો કરે છે.

સુનાવણીના અંતિમ તબક્કામાં આરોપીના વકીલ દ્વારા કેન્દ્ર સરકારની 'રોગી કલ્યાણ સમિતિ'ની ગાઈડલાઈન કોર્ટમાં રજૂ કરીને કેસમાં નવો વળાંક આપ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ સરકારી માર્ગદર્શિકા મુજબ દરરોજ નિયમિતપણે ડેઇલી કેસ બુકની (રોકડમેળ) પુરાંત મેળવીને ક્લોઝિંગ બેલેન્સ મેળવી ડીન સ્પેસિફાય, સહી કરવી ફરજિયાત હોય છે. કોર્ટ સમક્ષ દ્રષ્ટાંત આપતા તેમણે જણાવ્યું કે, માની લઈએ કે ડીન દ્વારા કોરા ચેકમાં સહી કરવામાં આવી હતી, પરંતુ ગાઈડલાઈન મુજબ રજિસ્ટરમાં રકમ અને સમય (કલાક-મિનિટ) તો નોંધાયેલા હોવા જ જોઈએ અને તેનું નિયમિત ક્લોઝિંગ બેલેન્સ પણ ફરજિયાત ટેલી થવું જોઈએ, જે આ કિસ્સામાં શંકાસ્પદ છે. બંને પક્ષોની ઉગ્ર દલીલો અને કાયદાકીય છણાવટ બાદ, આરોપીના વકીલના જણાવ્યા અનુસાર, કોર્ટ દ્વારા આગામી ૩૦મી તારીખે આ જામીન અરજી પર પોતાનો અંતિમ ઓર્ડર આપવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ રહેલી છે.

# જામનગર આરટીઓમાં અરજદારોને નામ ટ્રાન્સફર અને એનઓસીની પ્રક્રિયામાં પડતી ભારે હાડમારી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના આરટીઓમાં વાહનોના માલિકોના નામ ટ્રાન્સફર અને નો-ઓબ્જેક્શન સર્ટીફીકેટની પ્રક્રિયા કરતા ઈ-વાહન સોફ્ટવેર-૪માં અપડેટની કામગીરીને કારણે હવેથી આધાર લીંક થયેલા મોબાઈલ નંબરોમાં જ ઓટીપી આવે અને નામ આરસી બુકમાં દર્શાવેલા નામ મુજબના જ આધાર અથવા લાયસન્સમાં નામ હોવાનું ફરજિયાત બનતાં વાહનોના વેચાણ-ખરીદી વખતે નામ ટ્રાન્સફર અને નો ઓબ્જેક્શન સર્ટીફીકેટ મેળવવાની અરજીઓ અપલોડ થવામાં ભારે ધાંધીયા સર્જાયા છે. છેલ્લા એક માસમાં આ કામગીરીની અરજીઓમાં જબ્બર ઘટાડો નોંધાયો છે. જો કે, સિસ્ટમ વધારે ફુલપ્રુફ થવાના કારણે વાહનોને લગતા કૌભાંડ સહિતના દુષણો અટકશે.

સમગ્ર દેશમાં ચાલતા સોફ્ટવેર અપડેશનની સાથે સાથે જામનષર આર.ટી.ઓ. કચેરીમાં પણ આ બદલાવની સીધી અસર જોવા મળી છે. અગાઉ દરરોજ અંદાજે ૧૨૫થી ૧૫૦ જેટલી ઓનલાઈન અરજીઓ ફરજિયાત બનતાં અરજીઓનો આંકડો એકાએક ઘટી ગયો છે. આર.ટી.ઓ. જામનગરના નાંકડા મુજબ જુના નિયમ અનુસાર જુલાઈથી ૧૪ જુલાઈ, ૨૦૨૬ રમિયાન, એટલે કે આધાર મૈથેન્ટિકેશન ફરજિયાત બનતા ઉલાં, વાહન તબદીલીની ૧૫૪૩ રજીઓ મળી હતી અને તેની વવાહી પણ કરવામાં આવી હતી. પરે ૧૫ જુલાઈથી ૨૪ જુલાઈ, ૨૬ દરમિયાન નવી વ્યવસ્થા લમાં આવ્યા બાદ માત્ર ૪૧ અરજીઓ જ મળી છે.

આ આંકડા નવી સિસ્ટમની અસર સ્પષ્ટ રીતે દર્શાવે છે.અગાઉ વાહન ટ્રાન્સફર માટે આધાર આધારિત કે. વાય. સી. અથવા મોબાઈલ ઓટીપી એમ બે વિકલ્પ ઉપલબ્ધ હતા. પરંતુ હવે સિસ્ટમમાં સુધારો કરીને વેચનાર વાહન માલિકના આધાર ઓટીપી દ્વારા ઓથેન્ટિકેશનને ફરજિયાત કરવામાં આવ્યું છે. પરિણામે, વાહનના રજીસ્ટ્રેશન વખતે નોંધાયેલા નામ અને આધારકાર્ડમાં દર્શાવાયેલા નામ વચ્ચે થોડો પણ તફાવત હોય તો ઓનલાઈન અરજી આગળ વધી શકતી નથી.

આ ઉપરાંત, આધાર કાર્ડ સાથે વાહનનો ડેટા મેચ ન થાય તેવા કિસ્સામાં વાહન માલિકના ડ્રાઈ વિંગ લાયસન્સની વિગતો દાખલ કરવાની પ્રક્રિયા પણ રાખવામાં આવી છે. જોકે, અનેક જૂના વાહનોના રેકોર્ડમાં નામના સ્પેલિંગ, અટક અથવા અન્ય વિગતોમાં તફાવત હોવાથી મોટી સંખ્યામાં અરજદારો હાલમાં અરજી કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. પરિણામે લોકોને આર.ટી.ઓ. કચેરીના ધક્કા ખાવાની અને પ્રક્રિયા પૂર્ણ થવાની રાહ જોવાની ફરજ પડી રહી છે.

કારણે અરજદારોને ભારે હાલમાં આ નવી વ્યવસ્થાને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને જૂના વાહનોના માલિકોને આધાર અને વાહન નોંધણીની વિષતો મેળ ખાતી ન હોવાથી અરજી જ થઈ શકતી નથી. બીજી તરફ જાણકારોનું માનવું છે કે શરૂઆતમાં મુશ્કેલીઓ સર્જાઈ છે. પરંતુ લાંબા ગાળે આ વ્યવસ્થાથી ખોટા દસ્તાવેજો, બોગસ ટ્રાન્સફર અને માલિકની જાણ બહાર વાહનના નામ ટ્રાન્સફર કરાવી લેવાની ગેરરીતિઓ પર અસરકારક અંકુશ આવી શકશે.

# જામનગરમાં વામ્બે આવાસ પાસે જાહેરમાં ઘોડીપાસનો જુગાર રમતા સાત ઝડપાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

એલસીબી સ્ટાફને મળેલી ખાનગી બાતમીના આધારે જામનગરના વાંબે આવાસ બ્લોક નં. ૨ ખાતે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જાહેરમાં ઘોડી પાસા વડે જુગાર રમતા અસલમભાઈ અબ્બાસભાઈ બાબવાણી (રહે.વાંબે આવાસ જામનગર), નવસાદભાઈ વલીમામદભાઈ સુધાગુનીયા (રહે.ગુલાબનગર જામનગર), જાવેદભાઈ જુનુસભાઈ સુંભાણીયા (રહે. ધરારનગર-૨ પંજેતની ચોક જામનગર), સામળાભાઈ કારાભાઈ સઠીયા (રહે.વાંબે આવાસ જામનગર), ફિરોજભાઈ કાદરભાઈ સોહરવર્દી (રહે.વાંબે આવાસ જામનગર), કાદરભાઈ અબ્બાસભાઈ બાબવાણી (રહે.ધરારનગર-૨ જામનગર) અને રહીમભાઈ જુસબભાઈ બાબવાણી (રહે.કનસુમરાગામ તા.જી.જામનગર) ને પકડી પાડી પોલીસે આરોપીઓ પાસેથી ૧૭,૮૫૦ની રોકડ, ઘોડી પાસાના બે નંગ, બે મોટરસાયકલ (કિંમત ૧ લાખ) તથા સાત મોબાઈલ ફોન

અનુ પાના નં.૨ પર

# કલ્યાણપુરમાં પરપ્રાંતીય યુવાનને હૃદયરોગનો ઘાતક હુમલો

**સમય સંદેશઃ કલ્યાણપુર**

પશ્ચિમ બંગાળ રાજ્યના માલદા જિલ્લાના ચંદીપુર વિસ્તારના રહીશ અને હાલ કલ્યાણપુર તાલુકામાં રહી અને કંપનીમાં નોકરી કરતા નુરુલ દુખુ શેખ નામના ૪૬ વર્ષના મુસ્લિમ યુવાન ગઈકાલે સોમવારે વિન્ડ ફાર્મ કંપનીના સ્ટોક યાર્ડમાં રસોઈ બનાવી અને રસોઈ પીરસી રહ્યા હતા. તે દરમિયાન તેમને એકાએક હૃદયરોગનો ઘાતક હુમલો આવી જતા તેમને સ્થાનિક સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# કાલાવડમાંથી બે બાળકો ભેદી રીતે થયા ગુમ અપહરણની શંકાએ પોલીસ તપાસનો ધમધમાટ

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડના જીવાપર રોડ પર આવેલા કૈલાશનગરમાં રહેતા પરિવારનો એક બાળક સાંજે પોતાના મિત્ર એવા અન્ય સગીર સાથે રમવા જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. તેની સાથે ઘરમાં રાખેલા રૂ. ૩૦૦ પણ લઈ ગયો હતો. લાંબા સમય સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેના મિત્રના ઘરે તેમજ આસપાસના વિસ્તારો અને સગાસંબંધીઓમાં શોધખોળ કરી હતી.

તપાસ દરમિયાન મિત્ર પણ ઘરેથી ગુમ હોવાનું જાણવા મળ્યું હતું. બંને સગીરોને કોઈ પત્તો ન લાગતાં પરિવારજનોએ કોઈ અજાણ્યા શખ્સે બંનેને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હોવાની શંકા વ્યક્ત કરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પરિવારજનો દ્વારા બાળકો ઘરે પરત આવે તેવી આશાએ રાતભર પોતાની રીતે શોધખોળ કરવામાં આવી હતી. છતાં કોઈ ભાળ ન મળતાં બીજા દિવસે પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી બંને બાળકોની શોધખોળ હાથ ધરી છે.

# વિભાજી સ્કુલ સામે કાયમ ઉભરાતી ભુગર્ભ ગટરની સમસ્યા ઉકેલવા ચેરમેન મેદાનમાં

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં અપના બજાર પાસે લાખોટા તળાવના ઉતરતા ઢાળથી લઈને ટાઉનહોલ સર્કલ અને ત્યાંથી રાધે ક્રિષ્ના મંદિર સુધીના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ભૂગર્ભ ગટરના ગંદા પાણી ઉભરાવાની સમસ્યાએ સ્થાનિકો તેમજ ભક્તો માટે ભારે હાલાકી સર્જી હતી. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા પગલાં લેવામાં આવ્યા છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનકુમાર મોનાણી ગંભીરતાથી લઈ સ્થળ મુલાકાત લીધી હતી. તેઓએ ઘટનાસ્થળે સતત એક કલાક સુધી હાજર રહીને અધિકારીઓ સાથે પરિસ્થિતિનું ઝીણવટભર્યું



તસવીરઃ હિરેન ગાંધી

નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે પાલિકાની ભૂગર્ભ ગટર શાખા અને વોટર વર્કસ વિભાગના જવાબદાર અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર બોલાવીને જરૂરી સૂચનાઓ આપી હતી.

ચેરમેનના કડક આદેશ બાદ, યુદ્ધના ધોરણે કામગીરી શરૂ બંને વિભાગો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી છે. આ વિસ્તારમાં ભરાતા ગંદા પાણીનો કાયમી નિકાલ થાય અને નાગરિકોને ગંદકીમાંથી મુક્તિ મળે તે માટે તમામ ટેકનિકલ ખામીઓ દૂર કરવા પર ભાર મૂકવામાં જૈનપ્રતિનિધિની આ પ્રકારની સક્રિય કામગીરીને પગલે સ્થાનિક રહીશોમાં રાહતની લાગણી આવ્યો છે. જોવા મળી રહી છે.

# જામનગરના શ્રી ૫ નવતનપુરી ધામ (ખીજડા મંદિર) ખાતે આજે ગુરૂ પૂનમની ઉજવણી

**સમય સંદેશઃ જામનગર**



શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ, નિજાનંદ સંપ્રદાયની મુખ્ય આચાર્યપીઠ તરીકે ઓળખાતી છોટીકાશી એવા જામનગરની પવિત્ર ભૂમિ પર આવેલા શ્રી ૫ નવતનપુરી ધામ (ખીજડા મંદિર) ખાતે આગામી પવિત્ર ગુરુ પૂર્ણિમા ઉત્સવની અત્યંત શ્રદ્ધા, ભક્તિ અને ધામધૂમથી ઉજવણી માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદ્ગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજના પાવન અને પ્રેરણાદાયી સાનિધ્યમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવનો તા. ૨૯,જુલાઈ,૨૦૨૬ના બુધવારે સવારે ૯:૦૦ વાગ્યાથી ઉજવણીનો પ્રારંભ થશે.

# સુરતના ખેલો ઈન્ડિયા સેન્ટર 'ટાર્ગેટ રાઈફલ શૂટિંગ એકેડમી'ના નિશાનેબાજો નો રાજ્યકક્ષાએ યોજાયેલી શૂટિંગ સ્પર્ધામાં તરખાટ : રેકોર્ડબ્રેક ૧૦ મેડલ્સ



**સમય સંદેશઃ સુરત**

સુરત, ''ખેલો ઈન્ડિયા કેન્દ્ર સુરત'' અંતર્ગત કાર્યરત ટાર્ગેટ રાઈફલ શૂટિંગ એકેડમીના એથ્લેટ્સએ અમદાવાદ ખાતે યોજાયેલી ૬૨મી ગુજરાત સ્ટેટ શૂટિંગ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરીને સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં એકેડમીના ખેલાડીઓએ ISSF તથા NR કેટેગરીમાં અનેક મેડલ્સ મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. પ્રાપ્ત સિદ્ધિઓ જોઈએ તો ISSF કેટેગરી: '' મિહિર ગજ્જર - ગોલ્ડ મેડલ (૧૦ મીટર એર પિસ્તોલ સબ યુથ મેન - ટીમ ઈવેન્ટ) '' ખુશ ગેડિયા - ગોલ્ડ મેડલ (૧૦ મીટર એર પિસ્તોલ યુથ મેન - ટીમ ઈવેન્ટ) '' કૃતિ ડોબરીયા - સિલ્વર મેડલ (૧૦ મીટર એર પિસ્તોલ યુથ વુમન - ટીમ ઈવેન્ટ), NR કેટેગરી: '' દિવ્યાંશ ગાવડે - ગોલ્ડ મેડલ (૧૦ મીટર એર પિસ્તોલ યુથ મેન - ટીમ ઈવેન્ટ) '' ધૈર્ય કુબાવત - બ્રોન્ઝ મેડલ (સબ યુથ મેન), સિલ્વર મેડલ (ટીમ ઈવેન્ટ) '' અર્થવી નાડોદા - બ્રોન્ઝ મેડલ (સબ યુથ વુમન), સિલ્વર મેડલ (ટીમ ઈવેન્ટ) '' પ્રિન્સી કથીરીયા - સિલ્વર મેડલ (યુથ વુમન - ટીમ ઈવેન્ટ), વ્રજ રામાણી - બ્રોન્ઝ મેડલ (.૧૭૭ ઓપન સાઈટ એર રાઈફલ - સબ યુથ મેન)

વિજેતા ખેલાડીઓને શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભાના પ્રમુખ ડો. વ્રજલાલ જી. માવાણી, માનદ મંત્રી હેમંતભાઈ ટોપીવાલા તથા ખજાનચી દિનેશભાઈ નાવડીયા ના હસ્તે મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. આ ઉપરાંત વર્ષ દરમિયાન યોજાયેલી જિલ્લા તથા પ્રી-સ્ટેટ સ્તરની સ્પર્ધાઓમાં વિજેતા રહેલા ખેલાડીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન ડો. પ્રફુલભાઈ શિરોયા (સુરત શહેર હોમગાર્ડ્સ કમાન્ડન્ટ તથા ઉપપ્રમુખ - ટાર્ગેટ રાઈફલ પિસ્તોલ એસોસિયેશન, સુરત), શ્રી વિમલભાઈ રાજ્યગુરુ (સેન્ટર ઇન્ચાર્જ - ખેલો ઈન્ડિયા સેન્ટર) તથા શ્રી દિવ્યેશ ગેડિયા (ડઈઅ - ખેલો ઈન્ડિયા સેન્ટર, સુરત) ઉપસ્થિત રહ્યા હતા. આ એકેડમી સુરત શહેરના યુવાનોને શૂટિંગ જેવા રમત ગમતમાં પ્રોત્સાહન આપી રહી છે અને ભવિષ્યમાં વધુ ખેલાડીઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધે તે માટે પ્રયત્નશીલ છે.


## જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને જાણ કરવાની કે, ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના વાંસજાળીયા સીમતળના રેવન્યુ સર્વે નં. ૮૮૬ (જુના રે.સર્વે નં. ૩૮) પો.ખ. સહીત હેકટર આરે. ૩-૪૬-૦૨, વાળી જમીન રેવન્યુ રેકર્ડ મુજબ તેના માલીક શ્રી (૧)જીવીબેન રામભાઈ ભુતીયા, (૨)સમજુબેન રામભાઈ ભુતીયા, (૩)ખીમાણંદ રામભાઈ ભુતીયા તથા (૪)જીવાભાઈ રામભાઈ ભુતીયાની સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું જમીન તેઓ પાસેથી મારા અસીલ શ્રી મેર આલા મેરખી શાંખે. પરમાર મુ. મંડેર, તા/જી. પોરબંદર. મો.નં. (૧)૯૯૨૪૦ ૬૭૩૭૨ વાળાએ ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો કે કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ દસ - (૧૦) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી તેમજ હોય તો તે પણ જતો (વેવ) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહુ જમીન પરત્વેના વેચાણ વહેવારો પૂર્ણ કરી લેશે. ત્યારબાદ કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલના હકક, હિત હિસ્સાને બંધનકર્તા રહેશે નહીં. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

જામજોધપુર.
તા. ૨૮/૦૭/૨૦૨૬
તે મારા અસીલની સુચનાથી..

ત્રાંબડિયા વિજય આર. (એડવોકેટ)
મામલતદાર કચેરી સામે, જામજોધપુર
એનરોલમેન્ટ નં. G/753/2015

**વિજય આર. ત્રાંબડિયા (એડવોકેટ)**
પંચવટી કોમ્પલેક્ષ, મામલતદાર કચેરી સામે, જામજોધપુર,
જી. જામનગર મો. ૯૮૭૯૭ ૪૨૦૬૯.

## જાહેર નોટીસ | વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

વાદીઃ પ્રકાશ અશોક રાય
રહે. ૩૦૯, શ્રી સાંઈ રેસી, પલસાણા, બગુમરા, સુરત
--- વિરૂદ્ધ ---
સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી બગુમરા
બગુમરા ગ્રામ પંચાયત, તા.પલસાણા, જી.સુરત

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૮૨/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી,
તા.કામરેજ જી.સુરત
તા.૨૭/૦૭/૨૦૨૬

**વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી પ્રકાશ અશોક રાય, રહે. ૩૦૯, શ્રી સાંઈ રેસી, પલસાણા, બગુમરા, સુરતના પુત્ર આદ્રિક પ્રકાશ ભારદ્વાજનું જન્મ તા.૧૭/૦૯/૨૦૨૪ ના રોજ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટના સિક્કો

હુકમથી સહી/- (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ


# દ્વારકામાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના ટીવી સ્ટેશન વિસ્તારમાંથી સ્થાનિક પોલીસે જુગાર દરોડાની કાર્યવાહી કરી, જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા અર્જુનસિંહ ચંદુભા પરમાર, સમિયાભા જોધાભા સરીયા, ઈમરાન ઈસાક મોખા, અસગર હારુન કાબાવલીયા અને કરમણ ધના વિકમા નામના પાંચ શખ્સોને ઝડપી લઇ, રૂા. ૧૧,૩૮૦ ની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૪૬,૩૮૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સિંચાઇ અને બાંધકામ વિભાગમાં ખર્ચ અને કામોની મર્યાદા નક્કી





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં શિક્ષણ સમિતિના સભ્ય બદલવા, સિંચાઈ અને બાંધકામ વિભાગોમાં રાજ્ય સરકારની બદલેલી જોગવાઈ મુજબ વિભાગોના ખર્ચની મર્યાદા અને ટેન્ડરની માન્યતા (વેલીડિટી)ની સમય મર્યાદામાં વધારો કરવાના ઠરાવો કરવામાં આવ્યા હતા. આ સભામાં વિપક્ષી સભ્યોએ પોતાને માત્ર ચાર દિવસ પહેલા સભાની જાણ કરવામાં આવી હોવાની ફરિયાદ રજુ કરી હતી. જેના કારણે લાલપુર તાલુકાના પ્રશ્નોને વાચા આપવાની રહી ગઈ હતી. તેથી હવે લેખિત રજુઆત કરવી પડી રહી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણીના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય સભામાં ઉપપ્રમુખ પરેશભાઈ હિરપરા, ડીડીઓ નિશા, ડે. ડીડીઓ વીરલ માકડિયા તેમજ સભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગત તા.૭ જુલાઈની કમિટીઓની રચનાના ઠરાવોને બહાલી આપવામાં આવી હતી અને આ બેઠકમાં શિક્ષણ સમિતિમાં રહેલા વનિતાબેન રાજેશભાઈ ઉંધાડના સ્થાને સામાબેન અકબરીની નિમણુંકને બહાલી અપાઈ હતી.

વનિતાબેન મહિલા અને બાળ વિકાસ સમિતિમાં પહેલેથી જ નિમાયા હોવાથી ફેરફાર કરાયો છે. આ ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી સિંચાઈ અને બાંધકામ વિભાગોના અધિકારીઓને અને બંને વિભાગોની સમિતિઓને ખર્ચની સત્તા વધારવાની સિંચાઈ વિભાગના અધિક્ષક ઈજનેર અને દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. જે બાદ કમિટીને સરકારની ૨૦૧૫-૧૬ની જોગવાઈ મુજબ વાર્ષિક રૂ.૨૦ લાખ સુધીના ખર્ચની ૨૦૨૫માં કરવામાં આવેલા જોગવાઈમાં સત્તા મર્યાદામાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ફેરફાર મુજબ હવે આ ખર્ચ મર્યાદા રૂ.૬૦ લાખ સુધીની કરવા ઠરાવ કરાયો હતો. રૂપિયા ૬૦ લાખથી વધુના ખર્ચનો પાવર કારોબારી સમિતિને સોંપાયો હતો.ઉપરાંત સિંચાઈ વિભાગને ઈમર્જન્સીમાં ખર્ચ કરવાની સત્તાની મર્યાદા પણ રૂ.૧૦ લાખથી વધારીને ૨૦ લાખ કરવામાં આવી

અનુ પાના નં.૨ પર

## પ્રાસંગિકઃ ગુરુ પૂર્ણિમા વિશેષ

# જ્ઞાનના પ્રકાશને વંદન કરવાનો પવિત્ર અવસર



''ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ...'' ભારતીય સંસ્કૃતિનો આ પ્રાચીન શ્લોક ગુરુના મહિમાને શબ્દોમાં વ્યક્ત કરે છે. જીવનમાં માતા-પિતા જન્મ આપે છે, પરંતુ સાચા અર્થમાં જીવન જીવવાની કળા, સંસ્કાર અને જ્ઞાન ગુરુ આપે છે. તેથી જ ભારતીય સંસ્કૃતિમાં ગુરુને ઈશ્વર સમાન સ્થાન આપવામાં આવ્યું છે. દર વર્ષે અષાઢ સુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે ઉજવાતી ગુરુ પૂર્ણિમા માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ જ્ઞાન, સંસ્કાર, સમર્પણ અને કૃતજ્ઞતાનો મહાપર્વ છે.

ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. પૌરાણિક માન્યતા અનુસાર આ દિવસે મહર્ષિ વેદવ્યાસનો જન્મ થયો હતો. મહર્ષિ વેદવ્યાસે વેદોને ચાર ભાગોમાં વિભાજિત કરીને સામાન્ય જનતા માટે જ્ઞાન સુલભ બનાવ્યું. તેમણે મહાભારત જેવા વિશ્વના સૌથી મોટા મહાકાવ્યની રચના કરી અને અઢાર પુરાણો દ્વારા ભારતીય સંસ્કૃતિને અવિનાશી વારસો આપ્યો. તેમના આ અદ્વિતીય યોગદાનને કારણે તેમને ''જગતગુરુ'' તરીકે સન્માન મળ્યું અને તેમની સ્મૃતિમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણીની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે.

ગુરુ પૂર્ણિમા સાથે એક લોકપ્રિય કથા પણ જોડાયેલી છે. કહેવાય છે કે મહર્ષિ વેદવ્યાસના શિષ્યોએ તેમના દ્વારા પ્રાપ્ત જ્ઞાન અને માર્ગદર્શન બદલ અષાઢ પૂર્ણિમાના દિવસે વિશેષ પૂજન કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ત્યારથી ગુરુ પ્રત્યે આદર અને સમર્પણ વ્યક્ત કરવા માટે આ દિવસ ઉજવવાની પરંપરા વિકસતી ગઈ. આ પરંપરા આજે પણ આશ્રમો, શૈક્ષણિક સંસ્થાઓ અને આધ્યાત્મિક કેન્દ્રોમાં શ્રદ્ધાપૂર્વક નિભાવવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનો અર્થ માત્ર શિક્ષક સુધી સીમિત નથી. જે વ્યક્તિ અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને અસત્યમાંથી સત્ય તરફ દોરી જાય, તે દરેક ગુરુ છે. માતા-પિતા બાળકના પ્રથમ ગુરુ છે, જ્યારે શિક્ષકો, માર્ગદર્શકો, સંતો અને જીવનમાં યોગ્ય દિશા આપનાર દરેક વ્યક્તિ ગુરુનું સ્થાન ધરાવે છે.

આધુનિક યુગમાં માહિતીનો અભાવ નથી, પરંતુ યોગ્ય માર્ગદર્શનનો અભાવ અનુભવાય છે. ઇન્ટરનેટ અને કૃત્રિમ બુદ્ધિ (AI)ના યુગમાં માહિતી સરળતાથી મળી જાય છે, છતાં સાચું-ખોટું પારખવાની સમજ, મૂલ્યો અને જીવન જીવવાની દિશા માત્ર એક સારા ગુરુ જ આપી શકે છે. એટલે જ ગુરુનું મહત્વ સમય સાથે ઘટ્યું નથી, પરંતુ વધુ વધ્યું છે.

દેશભરની શાળાઓ, કોલેજો, વિદ્યાપીઠો અને આશ્રમોમાં ગુરુ પૂર્ણિમા નિમિત્તે ગુરુ વંદના, સત્સંગ, ભજન, પ્રવચન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકોને શુભેચ્છા પાઠવી તેમની પ્રત્યે આદર વ્યક્ત કરે છે, જ્યારે આધ્યાત્મિક પરંપરામાં શિષ્યો પોતાના ગુરુના આશીર્વાદ મેળવી આત્મિક વિકાસની પ્રેરણા મેળવે છે.

ગુરુ પૂર્ણિમા આપણને યાદ અપાવે છે કે જ્ઞાન માત્ર પુસ્તકોમાંથી મળતું નથી; તે સંસ્કાર, અનુભવ અને માર્ગદર્શનથી જીવનમાં ઉતરે છે. ગુરુ આપણને માત્ર સફળતા સુધી પહોંચવાનો માર્ગ બતાવતા નથી, પરંતુ સારું અને સાર્થક જીવન જીવવાની પ્રેરણા પણ આપે છે. આજના ઝડપી બદલાતા સમયમાં ગુરુ પૂર્ણિમાનો સંદેશ વધુ પ્રાસંગિક બની ગયો છે.જે વ્યક્તિએ આપણને જીવનમાં એક પણ સાચી દિશા બતાવી હોય, તેના પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને સન્માન વ્યક્ત કરવું એ જ આ પવિત્ર પર્વની સાચી ઉજવણી છે. કારણ કે, ''ગુરુ વિના જ્ઞાન અધૂરું છે અને જ્ઞાન વિના જીવન અધૂરું છે.''

**આલેખનઃ ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ**

# જામનગર લોકમેળામાં ગેરરીતિ અને ભાડાચોરીઃ તંત્રને લીગલ નોટિસ

## JMC એસ્ટેટ શાખા અને પ્રાંત અધિકારી સામે FIR નોંધવા અને કરોડોના ઓડિટ વગરના હિસાબો સામે ACB સુધી લડતની ચીમકી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે સાલ ૨૦૨૫ના લોકમેળાના આયોજનમાં કાયદાના ધજાગરા ઉડાવી સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડવા બદલ સામાજિક કાર્યકર કલ્પેશ આશાણીએ પ્રાંત અધિકારી અને JMC એસ્ટેટ શાખાના વડાને લીગલ નોટિસ ફટકારી છે.

JMCએ માત્ર ૧૫ દિવસના લોકમેળા માટે ગ્રાઉન્ડ માંગ્યું હતું અને કોર્ટ કાર્યવાહીના ડરથી ૨૮ દિવસનું ભાડું જમા કરાવ્યું હતું. પરંતુ, મંજૂરી કે નાણાં ભર્યા વિના જ તારીખ ૨૪-૦૬-૨૦૨૫ થી જ ગ્રાઉન્ડનો વપરાશ શરૂ કરી દેવાયો હતો. આમ, ૪૪ દિવસ સુધી સરકારી મિલકતનો બિનઅધિકૃત ઉપયોગ કરી લાખોની ભાડાચોરી કરાઈ છે, જે BNSની કલમ ૩૧૬ અને ૩૧૮ હેઠળ ગંભીર ફોજદારી ગુનો છે.

બીજી તરફ, લોકમેળામાંથી ઉંખઈને રૂ. ૨ કરોડની આવક થવા છતાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ સુધીના એક પણ મેળાનું ઓડિટ કરાયું ન હોવાનો ચોંકાવનારો ખુલાસો RTI હેઠળ થયો છે. આ મામલે તંત્રને ૧૫ દિવસમાં

અનુ પાના નં.૨ પર

# મોરકંડા રોડ, આણંદપર અને શેઠવડાળામાં જુગારના દરોડામાં ચાર મહિલા સહિત ૧૬ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

સિટી એ વિઝન પોલીસે પેટ્રોલીંગ દરમિયાન જામનગર શહેર નજીકના મોરકંડા રોડ ઉપર જંગલપીર જવાના રસ્તે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમી રહેલાં રોહીતભાઇ હસમુખભાઇ કછટીયા, વિજયભાઇ રમેશભાઇ વિરમગામા, મોહનભાઇ ભવાનભાઇ પરમાર નામના ત્રણ શખ્સોને રૂા.૧૯૦૬૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

કાલાવડ ગ્રામ્ય પોલીસે આણંદપર ગામે સ્વામિનારાયણ ચોકમાં જાહેરમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે ગંજીપાનાનો જુગાર રમી રહેલાં અશોકભાઇ રત્નાભાઇ પાંભર, સંજયભાઇ ગોરધનભાઇ જેશડીયા, હિતેશભાઇ વાલજીભાઇ જેશડીયા, રામજીભાઇ ભુસાભાઇ પાંભર, લલીતભાઇ નારણભાઇ જેશડીયા, રાજેશભાઇ મોહનભાઇ જેશડીયા, હરસુખભાઇ કડવાભાઇ જેશડીયા નામના સાત શખ્સોને રૂા.૧૬૮૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.

શેઠવડાળા પોલીસ મથકના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન ગામમાં જ જાહેરમાં જુગાર રમી રહેલાં રૂપેશભાઇ રમેશભાઇ લાલકીયા, જયેશભાઇ રણશોડભાઇ પાડલીયા, કંચનબેન ઠાકરશીભાઇ લાલકીયા, રેખાબેન નવીનભાઇ લાલકીયા, વનીતાબેન રમેશભાઇ લાલકીયા, કીરણબેન મહેશભાઇ લાલકીયા નામના ચાર મહિલા સહિત છ શખ્સોને રૂા.૨૮૦૦ ની રોકડ સાથે ઝડપી લઇ તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લાના ધ્રોલમાં વીજ શોક લાગતા આધેડ શ્રમિકનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના વાગુદળ રોડ પર આવેલ ટાયરના કારખાનામાં બોઇલરમાં લાકડા નાખવાનું કામ કરતી વેળાએ ઇલેકટ્રીક ફુંકણીમાં અડી જતાં શોક લાગવાને કારણે ૫૫ વર્ષિય આધેડ શ્રમિકનું મોત નિપજ્યું છે.

મૂળ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ધરાનગરના વતની અને હાલ ધ્રોલ ખાત રહેતાં અને ટાયરના કારખાનામાં મજૂરી કામ કરતાં ચંદુભા રામજીભાઇ સીંગરખિયા (ઉ.વ.૫૫) નામના આધેડ તા.૨૬ ના રોજ બપોરના બારેક વાગ્યાના સમયગાળા દરમિયાન દેવ ટાયર નામના કારખાનામાં બોઇલરમાં લાકડા નાખવાનું કામ કરી રહ્યાં હતાં. દરમિયાન કરમ કરતી વેળાએ તેઓ ઇલેકટ્રીક ફુકણીમાં અડી ગયા હતાં અને તેઓને ઇલેકટ્રીક શોક લાગ્યો હતો. જેથી તેઓને તાત્કાલિક

અનુ પાના નં.૨ પર

# જામનગરના શકિતપાર્કમાં જૂની અદાવતમાં યુવાન ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રામેશ્વરનગર, શક્તિ પાર્ક શેરી નં.૦૨માં રહેતા અજયસિંહ મંગળસિહ જાડેજાએ તેમના મોટાબાપુ એવા આરોપી ભરતસિંહ ચનુભા જાડેજા ઉપરાંત નાગરાજસિંહ ભરતસિંહ જાડેજા, નાગપલસિંહ ભરતસિંહ જાડેજા અને હેતલબા ભરતસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયા અનુસાર તા.૨૬ જુલાઈના રોજ રાત્રે ફરિયાદી ઘરે હતા ત્યારે તેમના મોટાબાપુ ભરતસિંહ સહિતના તમામ આરોપીઓ શેરીમાં આવ્યા અને નાગરાજસિંહે કહ્યું આપણા દાદીને બહાર બોલાવ મારે વાત કરવી છે.

બાદમાં આરોપીઓએ બોલાચાલી શરૂ કરતા બોલાચાલી ઉગ્ર બની અને નાગપાલસિંહ, નાગરાજસિંહ અને ભરતસિંહે ફરિયાદી અજયસિંહને ઢીંકાપાટુનો માર માર્યો હતો. ફરિયાદીના માતા વચ્ચે પડતા હેતલબાએ તેને પણ માર માર્યો હતો અને આરોપીઓએ ઈ લેક્ટ્રિક વાહનમાં લાકડાના ધોકાથી નુકસાન પહોંચાડી આશરે રૂ. ૧૫ હજારનું નુકસાન કર્યું હોવાનો પણ આરોપ છે. ફરિયાદી અનેઆરોપીઓને ત્રણ દિવસ અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખીને હુમલો કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસે હાલ ગુનો નોધી તપાસ હાથ ધરી છે અને આ મારામારી કયા પોલીસે હાલ ગુનો નોંધી તપાસ

અનુ પાના નં.૨ પર

# દેવભૂમિ દ્વારકાના ગઢેચીમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

## ૩૮૦ લિટર દારૂ, ૧.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત, મુખ્ય આરોપીની શોધખોળ



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગઢેચી ગામમાં એલસીબી પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી છે. પોલીસે સ્થળ પરથી ૩૮૦ લિટર દેશી દારૂ, દારૂ બનાવવાનો આથો અને અન્ય સાધનો સહિત કુલ રૂ. ૧.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન મુખ્ય આરોપી ફરાર થઈ ગયો હતો, જેને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસને બાતમી મળી હતી કે ગઢેચી ગામના સીમ વિસ્તારમાં ઘાસચારાની અંદર ખેતરમાં પાણીના ટાંકા બનાવીને દેશી દારૂની ભઠ્ઠી ચલાવવામાં આવી રહી છે. પોલીસે દરોડો પાડતા, ત્યાંથી ૩૮૦ લિટર દેશી દારૂ, દારૂ બનાવવાનો આથો, નળીઓ, ગેસના બાટલા અને લોખંડના ચૂલા સહિતનો કુલ રૂ. ૧,૧૩,૦૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

આ ભઠ્ઠી ગઢેચી ગામના રણધીર શુક્લભા માણેક નામનો શખ્સ ચલાવતો હોવાનું સામે આવ્યું છે. જોકે, પોલીસ દરોડા દરમિયાન આરોપી રણધીર માણેક ફરાર થઈ ગયો હતો. પોલીસે તેને ઝડપી પાડવા માટે તજવીજ શરૂ કરી છે.

# કરૂણા એનિમલ એમ્બ્યુલન્સની સમયસર કામગીરીથી ગાય અને વાછરડાનો બચાવ



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના વિભાપર ગામના પશુપાલક શ્રી બુધાભાઈ ધ્રાંગિયાની ગાય ગઈ રાતથી પ્રસૂતિની પીડામાં હતી. રવિવારના દિવસે અન્ય સારવારની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી પશુપાલક ચિંતિત બન્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ગર્ભમાં વાછરડું ઊંધું ફસાઈ જવાને કારણે સામાન્ય પ્રસૂતિ શક્ય નહોતી. પશુપાલકે તાત્કાલિક ૧૯૬૨ કાર્યક્રમ, જામનગરના પ્રોગ્રામ મેનેજર ડો. મોહમ્મદ શોએબ ખાનનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતાં જ ડો. મોહમ્મદ શોએબ ખાન, ડો. રમીઝ બલોચ, કરુણા જામનગરના પશુચિકિત્સક ડો. ભાગીરથ તથા પાયલોટ ભગવાનભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ટીમે આશરે બે કલાક સુધી સતત અને કુશળ સારવાર આપી ગાયની સફળ પ્રસૂતિ કરાવી હતી. ગાયને પીડામાંથી મુક્તિ મળતાં પશુપાલકે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ સેવા, કરૂણા સંસ્થા તથા ગુજરાત સરકારનો હૃદયપૂર્વક

અનુ પાના નં.૨ પર

# રસ્તો ઓળંગતી વખતે બસની હડફેટે ખાનગી કંપનીના કર્મચારીનું થયું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર ગામ નજીક ખંભાળિયા-જામનગર હાઇવે પર વધુ એક જીવલેણ માર્ગ અકસ્માત સર્જાયો છે. રાત્રિના સમયે હાઇવે રોડ ક્રોસ કરી રહેલા પ્રાઇવેટ કંપનીના કર્મચારીને પુરઝડપે દોડી રહેલી બસે અડફેટે લેતા તેમનું કણ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. સમગ્ર મામલે પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તા. ૨૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે સાડા દસ વાગ્યાના સુમારે મેઘપર ગામમાં બાપા સીતારામ મોબાઇલ દુકાન સામે આવેલા ખંભાળિયા-જામનગર હાઇવે પર આ અકસ્માત સર્જાયો હતો. મૂળ બિહાર રાજ્યના સારણ જિલ્લાના રહેવાસી અને હાલમાં લાલપુર તાલુકાના જોગવડ રામદૂતનગર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા સંટુ કે.આર. સિંઘ (ઉ.વ. ૩૭) હાઇવે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન બસ નંબર ઉઉ-૦૩-ઠ-૯૩૯૯ના ચાલકે બસ પુરઝડપે તેમજ બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી સંટુ સિંઘને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે સંટુ સિંઘને શરીરના વિવિધ ભાગોમાં ઇજાઓ પહોંચી હતી, જ્યારે માથાના ભાગે ગંભીર ઇજા થતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવ અંગે મૃતકના ભાઈ છોટુકુમાર લાલબાબુ સિંઘએ મેઘપર પોલીસમાં જાણ કરતા ફરિયાદના આધારે પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ બસ ચાલકની બેદરકારી અને પુરઝડપે વાહન હંકારવું હોવાનું સામે આવ્યું છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com